# પ્રાર્થનાનું ફળ ચોક્કસ મળે છે...

- ૐઋષિ
પ્રિતેશભાઇ

અનેક લોકો કહે કે આપણે તો ફળની અપેક્ષા વગર કામ કરવાનું છે પરતું એવું નથી. તમે જે કંઇપણ કરો છો તેની પાછળ કોઇ ધ્યેય હોય છે કે લક્ષ્ય હોય છે. તમે ચાલો છો ત્યારે તમને ખબર હોય છે કે તમારે ક્યાં જવાનું છે? એ જ રીતે સકામ અને નિષ્કામ પ્રાર્થના થતી હોય છે અને તેનું ભૌતિક અને આધ્યાત્મિક ફળ અચૂક મળતું જ હોય છે.

એક ભક્ત હોય છે. તેની પાસે વિશ્વની તમામ ભૌતિક વસ્તુઓનું સુખ હોય છે પરંતુ તેને એમ છે કે મારે પરમેશ્વરની નિકટતા મેળવવી છે અને પ્રાર્થના કરે છે. પૂર્ણ શ્રદ્ધાથી ભક્તિ કરે છે પરંતુ તેની પ્રાર્થના કરે છે. પૂર્ણ શ્રદ્ધાથી ભક્તિ કરે છે પરંતુ તેની પ્રાર્થના ફળતી નથી. આવું કેમ થયું ? અન્ય એક વ્યક્તિ ભૌતિક કામના માટે દરરોજ નિશ્ચિત સમયે દરરોજ પ્રાર્થના કરે છે અને તેની પ્રાર્થના ફળે છે. બસ તફાવત માત્ર એટલો જ છે કે તેની પાસે ગુરુનું માર્ગદર્શન હોય છે. માર્ગ તમે કોઇ પણ લો, ભૌતિક કે આધ્યાત્મિક તેમાં પ્રથમ શરત એવી છે કે ગુરુ સમક્ષ સંપૂર્ણ સમર્પણ અને તેઓના સૂચવેલા દિશા-નિર્દેશોને અનુસરો તો સફળતા તમારી પાસે આવી જાય છે.

પ્રાર્થના એ માત્ર ભૌતિક કે આધ્યાત્મિક પ્રગતિ માટે જ નથી કરાતી પરંતુ આજના ઝડપી યુગમાં માનસિક શાંતિ મેળવવા માટે પણ કરવામાં આવે છે. કોઇ ધર્મ એવો નહીં હોય કે જેમાં પોત-પોતાની પધ્ધતિ અનુસાર પ્રાર્થના કરવાનું ન કહેવામાં આવ્યું હોય. સીધી-સાદી અને સરળ ભાષામાં કહીએ તો પ્રભુ સમક્ષ આત્મ-નિવેદન કરવાનું હોય છે. પરંતુ તેમાં ક્યાંય છળ-દંભ કે કપટને સ્થાન હોતું નથી. કેમકે પ્રભુ કે તમારા ઇષ્ટ સમક્ષ આ બધી વસ્તુ ચાલી શકતી નથી. માનવીને તમે છળી શકો પરંતુ તમે સ્વયંને કે તમારા ઇષ્ટ, પ્રભુ સમક્ષ કપટ કે રાજરમત કરી શકતા નથી.

આજે તો ધર્મ ને વિજ્ઞાન સાથે સાંકળીને જોવામાં આવી રહ્યો છે ત્યારે અનેક સંશોધનો પણ સૂચવે છે કે પ્રાર્થના અને સામુહિક પ્રાર્થના પણ તમારા લક્ષ્ય સિધ્ધિમાં સહાયક-મદદરૂપ બની રહે છે. વિશ્વભરમાં જો એક જ સમયે, સમૂહમાં પ્રાર્થના થાય તો તેનું પરિણામ ચમત્કારિક હોઇ શકે છે. આ માટે જરુરી છે તમારો સંકલ્પ અને ગુરુનું માર્ગદર્શન. બસ પછી ઇચ્છિત પરિણામ મળી શકે છે અને આજની તમારી વ્યવહારિક ભાષામાં કહું તો ફળની પ્રાપ્તિ થઇ શકે છે.
આ કાર્ય માટે ગુરુનાં માર્ગદર્શનની સાથે એક આવશ્યકતા શ્રદ્ધા-ભાવનાની પણ છે. એક સંસ્કૃત સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે આ સાત વ્યક્તિઓ ઉપર તમારી જે પ્રમાણેની શ્રદ્ધા હોય તે પ્રમાણેનું ફળ તમને મળે છે. (1) દેવ અર્થાત્ તમારા ઇષ્ટ ભગવાન (2) ગુરુએ આપેલા મંત્રમાં (3) જ્ઞાનિ પુરૂષ (4) તીર્થ સ્થાનમાં (5) ભાગ્ય (6) ઔષધ (7) ગુરુ આ સાતેયમાં તમને જેટલી શ્રદ્ધા હશે તેટલું ફળ મળશે. ક્યારેક તમારે જ એવું નથી થતું ? તમે બીમાર થયા હોવ ત્યારે કોઇ તમને એમ.ડી. ડોક્ટર પાસે

લઇ જાય ત્યારે કદાચ તેમણે જે દવા આપી હોય તેની જોઇએ તેટલી અસર તમને ન પણ થાય ? પરંતુ તમારા ફેમિલી ડોક્ટર હોય પછી ભલેને તે એમ.બી.બી.એસ. જ કેમ ન હોય પરંતુ તેમણે આપેલી દવાથી-ઔષધથી તમે તરત જ સાજા થઇ જાવ છો. તેની પાછળ તમારી શ્રદ્ધા પણ કામ કરતી હોય છે.

એક રીતે કહીએ તો પ્રભુ કે તમારા ઇષ્ટ સમક્ષ તમે જે કંઇપણ કહો છો ત્યારે સૌપ્રથમ તો એવો શુદ્ધ ભાવ રાખવો જોઇએ કે મને જે કંઇપણ મળ્યું છે તે માટે આપનો આભારી છું. ત્યારબાદ આપનો સંકલ્પ તથા ગુરુએ દર્શાવેલો મંત્ર કે શ્લોક અથવા જે પણ કહ્યું હોય તે મુજબ તે સમયે તેનું અનુસરણ કરવું જોઇએ. વૈશ્વિક ચેતના સાથે આપણો સંબંધ સ્થપાવો જોઇએ તે જરૂરી છે અને પછી તમને પ્રકૃતિનો જે પ્રેમ મળે છે તે તેનાં માટે અહીં શબ્દ પણ ઓછા પડે તેવી સ્થિતિ છે.

અંતમાં એટલું તો ચોક્કસ કહી શકાય કે મહાન વ્યક્તિઓએ પણ મુશ્કેલીમાં પ્રાર્થનાની મદદ લીધી છે પછી તે આક્રમણખોરોની સામે લડતા શૂરવીરો હોય કે મહાત્મા. માટે નિશ્ચિત છે કે તમારી શ્રદ્ધાપૂર્વક અને શુદ્ધ મનથી કરવામાં આવેલી પ્રાર્થના હંમેશા ફળે છે. ગુરુનું માર્ગદર્શન પણ તેમાં જોડાય ત્યારે તેની ગતિ તીવ્રથી તીવ્રતમ થઇ જાય છે. આવો આપણે પણ નિયમિત પ્રભુ સમક્ષ આત્મનિવેદન કરીએ અને સર્વાંગીણ પ્રગતિનાં પંથે અગ્રેસર બનીએ.

પ્રાર્થનાનું ફળ મળે એ માટેનો મંત્રઃ

|| ૐ સવલ્ય રકત્ય સિવાતિ નમઃ ||

# ૐકાર ચાલીસા

## વિશ્વશાંતિ મંત્ર

### || ૐ શાંતિ શાંતિ વિશ્વમાન કુરુ કુરુ વામ સ્વાહા ||

(આ મંત્ર 27 વખત કરી આપની ઇચ્છાપૂર્તિ માટે સંકલ્પ કરી પછી ૐકાર ચાલીસા ગણવા)

## ૐકાર ચાલીસા

સાખી

સદગુરુ શરણ મેં લીજીયે, દીજે વો વરદાન

ૐકાર કે તેજ સે, મિટે તિમિર અજ્ઞાન

જય ૐકાર સૃષ્ટિ કે કર્તા, નાદબ્રહ્મ ત્રિભુવન કે ભર્તા

તીન ગુણો કે તુમ હો સ્વામી, પરમપિતા હે અંતર્યામી

શાસ્ત્ર-પુરાન અક્ષર કે આદિ, બ્રહ્મા, હરિ, હર ઓર સનકાદિ

જપત નિરંતર ૐ કી માલા, સૃજક, સંહારક, રખવાલા

સર્વ મંત્ર મેં ૐ હે આગે, કુંડલિની મૂલ સે જાગે

ૐ જપત હી ધ્વનિ વો જાગે, ભૂતપિશાચ મૂઠ લઇ ભાગે

શબ્દ-સૂર સબ ૐ સે પ્રકટત, ૐકાર હૈ નાદ અનાહત

યોગી ધ્યાન મેં રટે નિરંતર, ૐ હૈ સત્ય, શિવ, ઓર સુંદર

રિદ્ધિ, સિદ્ધિ હૈ ૐ કી દાસી, પડે નહીં ગલ જમ કી ફાંસી

ગ્રહદશા સબ ૐ સુધારે, જીવન મેં હો વ્યારે ન્યારે

મન-ક્રમ-વચન કી હોવે શુદ્ધિ, પ્રગટે ૐ સે સબ સદબુદ્ધિ

આત્મ-અનાત્મ વિવેક જગાવે, અંતઃકરણ કે દોષ મિટાવે

અગમ-નિગમ કે ભેદ બતાવે, પિંડ મેં હી બ્રહ્માંડ દિખાવે

પ્રણવમંત્ર કી મહિમા ભારી, જપો સદૈવ ૐ નરનારી

ૐ નમઃ કા મંત્ર જો ધ્યાવે, તીન લોક કી સંપત પાવે

ૐ ત્રિત્રાંશ ક્રિયા કી શક્તિ, ઇસી જન્મ મેં દે દે મુક્તિ

જીવન મેં ભર દેતા ઊર્જા, ૐ સા મંત્ર નહીં કોઇ દુજા

ૐકાર હૈ પ્રાણ ચેતના, સુર-નર-મુનિવર કરે વંદના

પ્રણવમંત્ર હૈ ગુરુ સમાના, તિમિર મિટાવે જો અજ્ઞાના

જ્ઞાન પ્રકાશ હૃદય મેં કર દેં, ચિદાનંદ અંતર મેં ભર દે

સાત ચક્રોં કા કર દે ભેદન, બ્રહ્મરંધ્ર મેં હો પ્રાણ કા સ્થાપન

યોગશક્તિ કા ૐ હૈ દ્યોતક, સત્ત-ચિત્ત-આનંદ કા હૈ વાચક

વેદ ઉવાચ હરિ ૐ તત સત, જગ હૈ મિથ્યા ૐ હી હૈ સત

ૐ હૈ ગંગાજલ સા પાવન, કર દેતા હૈ શુદ્ધ જો તન-મન

ૐકાર હૈ ચક્ર સુદર્શન, કાટે સર્વ પાપ કે બંધન

દૃશ્ય પદારથ સર્વ વિનાશી, કાલાતીત ૐ અવિનાશી

ॐकार को रामने ध्याया, जनक सभा में धनुष उठाया

गोविंद ने जब गीता गाइ, ॐ ने अपनी पहचान बताइ

निराकार-साकार में राजे, सृष्टि के कण-कण में विराजे

धर्म-अर्थ, काम ओर मुक्ति, ॐ से मिले सर्व संतुष्टि

ॐ के बिना है यज्ञ अपूर्ण, ॐ से ही स्वाहा संपूर्ण

ॐकार को जिसने ध्याया, लगी उसे ना जग की माया

लखचोरासी फंद छुडाया, मोक्षद्वार पे ॐ ले आया

पंचमहाभूतो में समाया, चारो अंतःस्करण में छाया

ॐकार गायत्री विद्या में, अमर तत्व है ॐ सुधा में

ॐकार जो गावे निसदिन, सारे कष्ट मिटे हर पल छीन

शंकर के डमरु में गाजे, कृष्ण की मुरली में बाजे

पार्श्वनाथ भगवान के भीतर, गुंजे मंत्र ॐ ही निरंतर

"ॐ ऋषि" समान सर्व आत्मा, ॐ है सूर्य सरसि परमात्मा

जो ये पढे ॐकार चालीसा, सर्व कार्य हो सिद्ध हमेशा

साखी

ॐपुरुष सृष्टिकरन, है परब्रह्म का रुप
ॐकार को जो रटे, होवे ब्रह्मस्वरुप

॥ इति श्री Hऋषि प्रितेशभाइ विरचितं श्री Hकार चालीसा संपूर्णम् ॥